ખેડા જિલ્લાના ત્રણ તાલુકાના 40 થી વધુ ગામોના લોકો માટે કોઝવે આશીર્વાદરૂપ હતો

ખેડા અને મહેમદાવાદને જોડતો કોઝવે તૂટ્યો

મેશ્વો નદી પરનો કોઝવે રાત્રીના સમયમાં ચાલતા માટી ખનનના કારણે ધારાશયી થયો

(પ્રતિનિધિ) ખેડા તા.31

ખેડા તાલુકાના સમાદરા અને મહેમદાવાદ તાલુકાના સાદરાને જોડતો કોઝ વે ગુરૂવારના રોજ ધરાશાયી થતા હજજારો લોકોને તેના કારણે હાલાકીનો સામનો કરવો પડશે. આ કોઝવે 3 તાલુકાને અસર કરતો હોવાથી 40થી વધુ ગામોના લોકોને તેની મુશ્કેલી નો સામનો કરવો પડશે. અહીં છેલ્લા કેટલાક સમયથી ભૂમાફિયા મોટાપાયે ગેરકાયદે ખનન કરતાં હતાં. જે અંગે રજૂઆત છતાં કોઇ પગલાં ભરાયાં ન હતાં. આખરે આ બ્રિજ જમીન દોસ્ત થઇ ગયો હતો.

ખેડાના સમાદરા અને મહેમદાવાદના સાદરા ગામ વચ્ચે આવેલાં કોઝ-વે ભૂમાફિયાના પાપે જમીનદોસ્ત થયો છે. આ કોઝ-વે 40 ગામના લોકો માટે આશીર્વાદરૂપ હતો. આ ઉપરાંત ખેડા અને મહેમદાવાદ તાલુકાને જોડતો મહત્વનો કોઝ-વે હતો. પરંતુ તંત્રની આળસ અને ભૂમાફિયાના આતંકથી આખરે તે તુટી પડ્યો છે. આ કોઝ વે પરથી દિવસ - રાત બેરોકટોક માટી ખનનના ડમ્પર ચાલતા હતા. આ બાબતે સ્થાનિકો દ્વારા લાગતા વળગતા અધિકારીઓને વારંવાર રજૂઆત કરી આમ છતાં કોઈ કાર્યવાહી ન થતા આખરે કોઝ વે ધરાશાયી થયો હતો. આ કોઝ વે પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવા છતાં અધિકારીઓની મિલી ભગતના કારણે સ્થાનિકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે.

ખેડા તાલુકાના સમાદરા સ્થાનિક ગોપાલક જણાવે છે કે, અહીંયા અમો સદરામા આવેલા 100 વીઘાના ગોચરમાં પશુધન ચરાવવા જતા હતા. હવે આ કોઝ વે ધરાશાયી થતા અમારા પશુઓને તકલીફ પડશે. ખેડા જિલ્લાના ખાણ-ખનીજ વિભાગ અને સ્થાનિક મામલતદાર, પોલીસ વિભાગની બેદરકારીથી લોકોને મુશ્કેલી ભોગવવી પડશે.

આણંદમાં 1.69 કરોડનો વિદેશી દારૂનો જથ્થો નાશ કરાયો

આણંદ ડિવિઝન તાબેના પોલીસ સ્ટેશનમાં વર્ષ 2025ના વર્ષમાં છેલ્લા છ મહિના દરમિયાન પકડાયેલા વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. બેડવા ગામની સીમમાં આવેલા એક્સપ્રેસ હાઇવે નજીકની સરકારી જગ્યામાં 67,684 વિદેશી દારૂની બોટલ કિંમત રૂ.1,69,72,654નો મુદ્દામાલ નાશ કરાયો હતો. આ કાર્યવાહીમાં આણંદ સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ ડો. મયુર પરમાર, નાયબ પોલીસ અધિક્ષક જે. એન. પંચાલ, આણંદ જિલ્લાના નશાબંધી અને આબકારી વિભાગના અધિક્ષક ડી. જે. વનાણી સહિત પોલીસ ઇન્સપેક્ટર હાજર રહ્યાં હતાં.

આણંદની દીકરી યુરોપના ઉત્સવમાં પ્રતિનિધિત્વ કરશે

મોન્ટોયર ઉત્સવ સૌથી પ્રતિષ્ઠિત મહોત્સવોમાંનો એક ગણાય છે

(પ્રતિનિધિ) આણંદ તા.31

ભારતની સમૃદ્ધ કલાસંસ્કૃતિ અને લોકકલા હવે યુરોપના મંચ પર ગુંજી ઉઠશે. ગુજરાતની લોકનૃત્યકારા રાગા પટેલ

યુરોપમાં શરૂ થયેલા 52મા મોન્ટોયર ફેસ્ટિવલમાં ભારતનું પ્રતિનિધિત્વ પોતાના કલા ગુરુ નમ્રતાબેન શાહના માર્ગદર્શન હેઠળ કરી રહી છે. આ ઉત્સવ યુરોપના સૌથી પ્રતિષ્ઠિત અને ભવ્ય સાંસ્કૃતિક મહોત્સવોમાંનું એક ગણાય છે, જે 23મી ઓગસ્ટ 2025 સુધી યુરોપના વિવિધ શહેરોમાં યોજાશે.

આણંદની રાગા પટેલ દ્વારા ભારતીય લોકનૃત્ય, વિશેષરૂપે ગરબા, ટિપ્પણી, ભવનિ નૃત્ય અને બીજી પરંપરાગત શૈલીઓ રજૂ કરવામાં આવશે. તેમની આ ટીમ વિવિધ દેશોના પ્રતિનિધિઓ સાથે સાંસ્કૃતિક આપ-લે અને વિરાસતનું પ્રદર્શન કરશે. આ અવસરે રાગા પટેલે જણાવ્યુ હતું કે, ભારતની લોકસંસ્કૃતિને વૈશ્વિક મંચ પર રજૂ કરવાની તક મેળવનાર હું અતિ આનંદિત છું. મોન્ટોયર ફેસ્ટિવલ દરેક વર્ષે વિવિધ દેશોની લોકકલા, સંગીત અને નૃત્ય શૈલીઓને એક મંચ પર લાવવાનો અનોખો પ્રયત્ન છે. રાગા પટેલ અને તેમની ટીમનું ચૂંટાવું એ દેશ માટે ગૌરવની વાત છે.

શેત્રાનુ ગરનાળું તૂટતા અવરજવર બંધ, 8 ગામના ખેડૂતોને 5 કિમીનો ફેરો

શેત્રા ગામના મુખ્ય માર્ગના ગરનાળાનો અડધો બિમ્બ પાણીમાં ધરાશાયી થતા માર્ગ બંધ કરાયો

(પ્રતિનિધિ) ખેડા તા.31

ખેડા તાલુકાના શેત્રા ગામનો મુખ્ય માર્ગ પર બનેલા મોતિયા વહેરામાં ગરનાળાના 2 બિમ્બ માંથી 1 બિમ્બનો અડધો ભાગ તુટી જતાં સલામતી હેતુસર તાત્કાલિક અસરથી અવરજવર પ્રતિબંધિત કરવામાં આવી છે. જોકે આ માર્ગ બંધ થવાને કારણે 8 ગામના ખેડૂતો સહિત સ્થાનિક રહીશોએ હાલાકી વેઠવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

શેત્રા ગામના મુખ્ય માર્ગના ગરનાળાનો અડધો બિમ્બ પાણીમાં ધરાશાયી બાબતે સરપંચ ઈશ્વરભાઈ ચૌહાણે આ બાબતની જાણ તલાટીને કરી હતી. તલાટીએ તાત્કાલિક ખેડા પ્રાંત અને મામલતદારને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા ખેડા પ્રાંત અધિકારી, મામલતદાર, આર એન બી પંચાયત માતર, શેઢી સિંચાઈના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. તેમના દ્વારા સ્થળ નિરીક્ષણ કરીને આ રોડ પર અવર જવર બંધ કરવા જણાવ્યું અને તાત્કાલિક જેસીબી બોલાવીને શેત્રા ગામના મુખ્ય માર્ગને બંધ કરાવી દીધો હતો.

શેત્રા ગામમાં જવાનો મુખ્ય માર્ગ બંધ થવાના કારણે સ્થાનિક ગ્રામજનોને હવે 5 કિમીનો વધુ ફેરો પડશે.હવે જ્યાં સુધી નવું ગરનાળું નહી બને ત્યાં સુધી શેત્રા ગામના તેમજ આસપાસના વિસ્તારોમાં વસવાટ કરતા ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ ઉભી થવા પામી છે.

આ બાબતે ગામના સરપંચ ઈશ્વરભાઈ ચૌહાણ જણાવ્યું હતું કે સવારે 2 બિમ્બમાંથી 1 બિમ્બનો અડધો ભાગ પાણીમાં ધારાશાયી થઈ ગયો હતો. પરંતુ હાલ પાણીનું વ્હેણ સતત ચાલુ હોવાના કારણે એ અડધો ભાગ પણ પાણીમાં ધારાશાયી થઈ જશે.

ઉમરેઠના સૈયદપુરા ગામના તલાટી સામે ઉગ્ર રોષ વ્યાપ્યો

તલાટી અસભ્ય વર્તન કરતાં હોવાનો આક્ષેપ કરી બદલી કરવા ગ્રામજનોએ માગણી કરી

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.31

ઉમરેઠ તાલુકાના સૈયદપુરા ગ્રામ પંચાયતના તલાટી સામે છેલ્લા કેટલાક સમયથી ગ્રામજનોમાં ભારે રોષની લાગણી જન્મી છે. આ તલાટી અરજદારો સાથે અસભ્ય વર્તન કરતાં હોવાની ફરિયાદો ઉઠી હતી. આ અંગે ગ્રામજનોએ ગુરૂવારના રોજ હલ્લાબોલ કરતાં અફડા તફડી મચી હતી. આ સાથે ગ્રામજનોએ તલાટીની બદલીની માગણી કરી રોષ ઠાલવ્યો હતો.

ઉમરેઠના સૈયદપુરા ગ્રામ પંચાયતના તલાટી સામે ગામમાં અનેક ફરિયાદો ઉઠી છે. તલાટી કમ મંત્રી અનિયમિત હોવા ઉપરાંત અરજદારો સામે મનફાવે તેવું વર્તન કરે છે અને અરજદારોને ધક્કા ખવડાવે છે. ગ્રામજનો તલાટી પાસે જાય તો તેમને સપ્તાહ સુધી કામ કરી આપતાં ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત તલાટી ફરજ પર પણ ગમે ત્યારે આવે અને ગમે ત્યારે જતા રહે છે. જેના કારણે ગામના વિકાસ કામોને પણ અસર પહોંચી છે. આ અંગે ગ્રામજનોએ હલ્લાબોલ કરી તલાટી કમ મંત્રી સામે બદલી સહિત તાત્કાલિક પગલાં ભરવા માગણી કરી હતી. આ અંગે તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજુઆત કરી પગલા ભરવાની માંગણી કરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આણંદ શહેરની ડીએન હાઈસ્કૂલ ખાતે વિવિધ વિષયો પર પ્રવૃત્તિ યોજાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી.એન.હાઇસ્કુલ, ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં આચાર્ય પ્રતિકભાઈના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીની બુદ્ધિ ચકાસણી અને માનસિક વિકાસ થાય તે હેતુસર

વિવિધ વિષયની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાવ્યગાન, ગિનતી, વ્યાકરણ, પ્રયોગો, ગણિતના ઘડિયા, નકશા દ્વારા વિદ્યાર્થીઓએ રજૂઆત કરી હતી. જેમાં ભાગ લેનારા દરેક વિદ્યાર્થીઓને સંસ્થાના મંત્રી, શાળાના આચાર્ય અને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

ઉમરેઠની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ખાતે 'ટોપર સાથે સંવાદ' કાર્યક્રમ યોજાયો

ઉમરેઠ | ઉમરેઠ ખાતે આવેલી શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ખાતે વાલી સંમેલનમાં 'ટોપર સાથે સંવાદ' કાર્યક્રમ

યોજાયો હતો. જેમાં વાલીઓમાં પેરેન્ટીંગનો ગુણ વિકસે, શાળા અને બાળકો સાથે સહભાગીદાર બની શિક્ષણયાત્રામાં વાલીઓ પણ જોડાય તેવા હેતુથી સંવાદ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શિક્ષણવિદ શૈલેષ રાઠોડ ઉપરાંત સંસ્થાના મેનેજર ફા.બ્રિટો, ડાયરેક્ટર ફા. નટુ,હાઈસ્કૂલના આચાર્ય ડો.ભાવનાબેન રાઠોડ,પ્રાથમિક વિભાગના આચાર્ય સિસ્ટર કિરણ ઉપસ્થિત રહી પ્રેરણા આપી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

મહિસાગર જિલ્લા પંચાયત પ્રમુખના 210 ઉમેદવારોને નિમણૂક પત્ર અપાયાં

લુણાવાડા | મહિસાગર જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલના હસ્તે 210 ઉમેદવારોને ભલામણ પત્ર અને નિમણૂક પત્ર આપવામાં આવ્યાં હતાં. મહીસાગર જિલ્લામાં મેરીટ પ્રેફરન્સના ધોરણે બિન સરકારી અનુદાનિત માધ્યમિક વિભાગમાં કુલ 223 ઉમેદવારોને મહીસાગર જિલ્લો ફાળવવામાં આવ્યો હતો. જિલ્લામાં બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-2024 અન્વયે મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલના હસ્તે કડાણા, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા દિવડા કોલોની ખાતે નિમણૂક હુકમ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી નૈલેશકુમાર ડી.મુનિયા, શાળા સંચાલક મંડળના આગેવાન, આચાર્ય સંઘના આગેવાન, વહીવટી સંઘના આગેવાન તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

નડિયાદના બીએપીએસ મંદિર દ્વારા ભવ્ય ભક્તિમય પદયાત્રાનું આયોજન કરાયું

નડિયાદ | નડિયાદ શહેરના બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા મહંત સ્વામી મહારાજના દર્શનના પાવન અવસરે ભવ્ય

અને ભક્તિમય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંતસ્વામી હાલ આણંદના આંગણે છે, ત્યારે નડિયાદના યોગી ફાર્મથી આણંદના અક્ષર ફાર્મ સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં નડિયાદના અંદાજે અઢી હજાર જેટલા હરિભક્તો, સંતો, બાળકો અને બાલિકાઓએ ઉત્સાહભેર પદયાત્રામાં જોડાયાં હતાં. આ પદયાત્રાની વિધિવત શરૂઆત કોઠારી સ્વામી સર્વમંગલદાસ, અક્ષરનયનદાસ સ્વામી તથા અગ્રણીઓ હાજર રહ્યાં હતાં.

ડભાણના આયુર્વેદ દવાખાના દ્વારા ટુંડેલમાં નિદાન - ચિકિત્સા કેમ્પ યોજાયો

નડિયાદ | ડભાણની સરકારી આયુર્વેદ દવાખાના દ્વારા આયુષ્યમાન આરોગ્ય મંદિર ટુંડેલ ખાતે વિનામૂલ્યે આયુર્વેદ નિદાન-ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડાયાબિટીસ, બીપી, કોલેસ્ટ્રોલ, થાયરોઈડ વિટામિનની ઉણપ, ચામડીના રોગો, વિચારવાયુ, મનો વિકાર, સ્ત્રીના રોગો, સાંધાના દુઃખાવો, મૂત્ર માર્ગના રોગો, વાળના રોગ વગેરે જેવા ગંભીર રોગો વિશેની સારવાર અને સલાહ આપવામાં આવી હતી. આ કેમ્પમાં ગ્રામજનો એ મોટી સંખ્યા માં કેમ્પ નો લાભ લીધો હતો.

નડિયાદમાં ડબગર સમાજ કેળવણી મંડળ દ્વારા ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

નડિયાદ | નડિયાદના શ્રી ડબગર સમાજ કેળવણી મંડળ દ્વારા શાળા, કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને ભણતરમાં આગળ વધવાની પ્રેરણા આપવા માટે શિક્ષણ સમિતિ દ્વારા ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ડબગર સમાજના આગેવાનો સહિત સમાજના લોકો હાજર રહ્યા હતા.

વિઠ્ઠલ ઉદ્યોગનગરમાં પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર યોજના અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

આણંદ | કેન્દ્ર સરકારના પ્રોવિડન્ડ ફંડ અને પેન્શન વિભાગ દ્વારા નવી યોજના એમ્પ્લોયમેન્ટ લિંક્ડ ઇન્સેન્ટિવ સ્કીમ અમલમાં મૂકવામાં આવી છે, આ યોજનાની વિસ્તૃત જાણકારી આપવા માટે અને યોજનાનો અમલ થાય તે હેતુસર પીએફ અને પેન્શન વિભાગ તથા વિઠ્ઠલ ઉદ્યોગનગર ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર યોગેન્દ્રસિંહ શેખાવત અને અમલીકરણ અધિકારી રૂપાંગી રાવલના નેતૃત્વ હેઠળ એક મહત્વપૂર્ણ જાગૃતિ સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિઠ્ઠલ ઉદ્યોગનગર ઔદ્યોગિક સંગઠનના પદાધિકારીઓ, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ અને કર્મચારીઓ, ઉદ્યોગો સાથે સંકળાયેલા નોકરીદાતાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કપડવંજમાં સંગમ બ્રિજ પાસે ફોટોગ્રાફી વિષય ઉપર વર્કશોપ યોજાયો

કપડવંજ | કપડવંજમાં ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા ફોટોગ્રાફીનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં સોની કેમેરા કેવી રીતે ઉપયોગી થાય ? કેવી રીતે ઉપયોગ કરવું ? તેની સંપૂર્ણ જાણકારી પટેલ ઈલેશભાઈએ ફોટોગ્રાફરોને આપી હતી. કપડવંજ તેમજ કપડવંજ તાલુકામાંથી આવેલા ફોટોગ્રાફરોએ ફોટોગ્રાફીના ક્ષેત્રનો પ્રોસ્તાહિત કરવા બદલ કપડવંજ ફોટોગ્રાફર એસોસિએશનના હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યાં હતાં. ગુજરાત ફોટો ગુઝ્ઝવાળા સુમિત ખિમાણી અને ઈલેશભાઈ પટેલ કાર્યક્રમમાં આયોજનમાં અગત્ય ભૂમિકા નિભાવી હતી.

સરદાર પટેલ યુનિ.ના ઇતિહાસ વિભાગ દ્વારા કારગિલ વિજય દિવસની ઉજવણી કરાઇ

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગ દ્વારા કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિભાગના અધ્યાપકો, પીએચ.ડી. સંશોધકો, અનુસ્નાતક અને સ્નાતક વર્ગના વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમની શરૂઆતમાં સૌપ્રથમ યુનિવર્સિટી કાર્યાલય ખાતે આવેલી સરદાર પટેલની પ્રતિમાને ફૂલ અર્પણ કર્યા હતાં. બાદમાં શહીદ ચોકમાં આવેલા શહીદ સ્મારકની પ્રતિમાઓને ફૂલ અર્પણ કર્યાં હતાં. બાદ વિભાગના વર્ગખંડમાં વિદ્યાર્થીઓ દ્વારા કારગિલ વિજય દિવસના ઇતિહાસ અને તેના મહત્વની વાત કરવામાં આવી હતી.

આણંદની આઈજે પટેલ બી. એડ્. કૉલેજમાં 'વર્ષાની ઝરમર'માં કાર્યક્રમનું આયોજન કરાયું

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ.જે. પટેલ

બી. એડ્. કોલેજમાં વરસાદની મોસમમાં 'વર્ષાની ઝરમર'માં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલીમાર્થી જાગૃતિબેન પટેલ દ્વારા કા.પા. પર સુંદર આલેખન થયું હતું. આ તાલીમાર્થીઓ તથા અધ્યાપક મિત્રો દ્વારા વરસાદના ગીતો, સ્વ લિખિત કાવ્ય, તથા શેરો -શાયરી અને વક્તવ્યો રજૂ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન પ્રા. જાગૃતિ સોલંકી તથા ડો. અનુ પાંડે એ કર્યું હતું. ડો. યજ્ઞેશભાઇ પુરોહિતે કાર્યક્રમની સફળતા માટે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

જાહેર નિવિદા

મોજે. પોપટવાવ, તા. ખંભાત જી. આણંદ ગામે નાણાકીય વર્ષ 2025-26 ના મંજૂર થનાર વિકાસ કામો ગ્રામ પંચાયત પોપટવાવએ કરવાના હોય તે માટે લેબરના ભાવ તથા વિકાસના તમામ કામો જેવા કે પીવાના પાણીની સુવિધા ના કામો, સી.સી.રોડના કામો, બાંધકામના કામો, સેનિટેશનના કામો, પંપીંગ મશીનરી તથા અન્ય કામો માટે જરૂરિયાત મુજબનો માલ સામાન ખરીદવા માટે માલ સમાન પૂરો પાડનાર, વિકાસ કામ કરનાર એજન્સીઓ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે સદરહુ ભાવ પત્રકો નીચેના સરનામે તારીખ 08/08/2025ના રોજ બપોરે 3:00 કલાક સુધી રજી.એ.ડી થી મોકલવાના રહેશે નિયત સમય બાદ મળેલ ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહીં.

1. કવરના મથાળે વિકાસ કામોના ભાવ પત્રક તેમ લખવાનું રહેશે.
2. આ જાહેર નિવિદાથી મંજૂર થયેલ ભાવપત્રક વર્ષ 2024- 25 ના બાકી વિકાસ કામો તથા નાણાકીય વર્ષ 2025-26 ના વિકાસ કામો માટે માન્ય રહેશે.
3. એજન્સીએ ભાવપત્રકો સાથે પાનકાર્ડ તથા જી.એસ.ટી. નંબર ધરાવતા હોય તેની ઝેરોક્ષ નકલ ફરજિયાત મોકલવાની રહેશે.
4. એજન્સીના ભાવપત્રકો મંજુર થયા બાદ ગ્રામ પંચાયત પોપટવાવ ને સંતોષકારક કામગીરી નહીં કરી આપવામાં આવે તો એજન્સી બદલવાના અબાધિત અધિકાર ગ્રામ પંચાયત, પોપટવાવના રહેશે.
5. કોઈપણ ભાવ પત્રક મંજૂર કરવા કે નહીં તેનો અધિકાર ગ્રામ પંચાયત, પોપટવાવનો રહેશે.

સરપંચશ્રી, પોપટવાવ ગૃપ ગ્રામ પંચાયત
સરનામું: પોપટવાવ ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મું. પોપટવાવ, તા. ખંભાત, જી. આણંદ